કલાઇમેટ ચેન્જ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઇ

*૧૫/૪/૨૦૧ શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર) માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

| ખંડ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | કલાઇમેટ ચેન્જ વિભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | કલાઇમેટ ચેન્જ વિભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર નીચે મુજબ રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે.<br><br>૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ : રૂ. ૯૧૦.૩૩ કરોડ<br><br>૨. નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ : રૂ. ૯૩૦.૮૬ કરોડ |
| ૨ | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ નીચે મુજબ રકમ ફાળવવામાં આવી:<br><br>૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ : રૂ. ૬૭૪.૫૪ કરોડ<br><br>૨. નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ : રૂ. ૪૯૪.૭૬ કરોડ |
| ૩ | ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી? | **નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે : વપરાયેલ રકમ રૂ. ૬૪૬.૬૨ કરોડ તથા વણવપરાયેલ રકમ રૂ. ૨૭.૯૨ કરોડ**<br><br>**વર્ષ ૨૦૨૧–૨૨ માં વણવપરાયેલી ગ્રાન્ટ ના કારણો :**<br><br>૧ સરકારી પ્રાથમિક શાળાઓમાં એલ.ઇ.ડી ટ્યુબ લાઇટ બેસાડવાની યોજનામાં સેમ્પલ ટેસ્ટીંગ માં ફેઇલ થવાના કારણે, આગળ ટેન્ડરની અમલવારી થઇ શકેલ નહિ.<br><br>૨. સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બેસાડવાની યોજનામા ભૌતિક કામગીરી પૂર્ણ થયેલ પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ નો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં કરેલ છે. |

૩. સોલાર વોટર હિટીંગ સીસ્ટમ બેસાડવાની યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ કોરોના પેન્ડેમિક ના કારણે આંતર–રાષ્ટ્રીય બજાર પર અસર થતા કાચા માલ (મેટલ) ના ભાવોમાં ૩૦ થી ૪૦% નો વધારો થતા કોન્ટ્રાકટર દ્ધારા સદર કામો પુર્ણ ન થતા ભૌતીક લક્ષ્યાંક પુર્ણ કરી શકાયો નથી.

૪. બેટરી સંચાલિત ઇ–રિક્ષા માટે સબસીડી યોજનામાં રિક્ષા ચાલકો ઇ–રિક્ષા ની સરખામણીએ સી.એન.જી રિક્ષાઓ વધુ પસંદ કરે છે તેમજ જે–તે વર્ષે રાજ્યમાં પબ્લીક ચાર્જિંગ માટેની સગવડ ઉભી થયેલ ન હોવાથી.

**નાણાકિય વર્ષ ૨૦૨૨–૨૦૨૩ મા વપરાયેલ રકમ રૂ. ૪૫૫.૭૮ કરોડ**

**નાણાકિય વર્ષ ૨૦૨૨–૨૦૨૩ મા વણવપરાયેલ રકમ રૂ. ૩૮.૯૮ કરોડ**

**વર્ષ ૨૦૨૨–૨૩ માં વણવપરાયેલી ગ્રાન્ટ ના કારણો :**

સરકારી ઇમારતો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટ્મ બેસાડવાની યોજનામાં ભૌતિક કામગીરી પૂર્ણ થયેલ પરંતુ મિટર ન લગાવવાને કારણે નાણાંકીય વર્ષ ૨૨–૨૩ ના બિલની ચૂકવણી નાણાંકીય વર્ષ –૨૦૨૩–૨૪ માં ચુકવવામાં આવેલ છે તથા મરામત અને અન્ય ખર્ચ ની જોગવાઇ જરૂર લાગે ત્યાં જ કરવામાં આવતી હોઇ, ગ્રાન્ટ વણવપરાયેલ છે.

ઉપરોક્ત વણ વપરાયેલ રકમ ના કારણો માટે જણાવવાનું કે સદર રકમ સૂર્ય ગુજરાત (SCSP) હેઠળ ફાળવવામાં આવેલ અને યોજના હેઠળ સ્પેસીફિક કેટેગરી આધારિત નોધણી થતી ના હોય, SC કેટગરીના ગ્રાહકો સૂર્ય ગુજરાત યોજના માં જોડાય છે તેના ખર્ચનું બુકિંગ યોજનાના ધારા ધોરણો મુજબ થતું હોય, તે માટેની CFA/સબસીડી કેન્દ્ર સરકાર પાસેથી મળવા પાત્ર હોઈ, અને મળેલ હોઈ, રાજ્ય સરકાર તરફથી ઉપરોક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૧–૨૨ માટે ફાળવેલ વણવપરાયેલ રકમ તા. ૩૦.૦૩.૨૦૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩ ના રોજ વણવપરાયેલ રકમ તા. ૦૭.૦૩.૨૦૨૩ ના રોજ જમા કરાવેલ છે. વધુમાં,સૂર્ય ગુજરાત યોજનાના ધારાધોરણ મુજબ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકા ર એમ કોઇ પણ એક સબસીડી મળવાપાત્ર છે, બન્ને નહી. MNRE તરફથી CFA મળે છે અને ઉપરોક્ત ગુજરાત સરકાર નાં ફંડને corpus fund તરીકે ઉપયોગ કરવામાં આવે છે MNRE તરફથી CFA મળ્યે ગુજરાત સરકાર નું ફંડ જમા કરાવવામાં આવે છે.